# PMJJBY CLAIM PROCEDURE

1. વીમાધારકના મૃત્યુ તારીખથી ૩૦ દિવસની અંદર નોમીની દ્વારા ક્લેમ-કમ-ડીસ્ચાર્જ ફોર્મ બેંકને રજુ કરવામાં આવશે.(જો નોમીની માઈનોર હોય તો તેના એપોઇન્ટી, અને કોઈ નોમીનેશન ન કરેલ હોય અથવા નોમીની વીમા ધારક પહેલા મૃત્યું પામેલા હોય તેવા સંજોગોમાં કાયદેસરના વારસદારોએ ફોર્મ રજુ કરવાનું રહેશે.)
2. વીમા યોજનામાં જોડાયા તારીખથી ૩૦ દિવસમાં અક્સમાત સિવાયના કારણોથી થયેલ મૃત્યુનો ક્લેમ મળવાપાત્ર નથી
3. વીમા કંપનીને ક્લેમ રજુ કરતી વખતે નીચે મુજબના ડોક્યુમેન્ટ બેંક દ્વારા ચેક કરવામાં આવશે:
    a. વીમાધારકના મૃત્યુનો પુરાવો (અથવા વીમા યોજનામાં જોડાયા તારીખથી ૩૦ દિવસમાં અક્સમાતથી મૃત્યુ થયું હોય તો અકસ્માત મૃત્યુનો પુરાવો) નીચે જણાવેલ માંથી કોઈ એક:
        i. મૃત્યુ પ્રમાણપત્ર (રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત જન્મ-મરણના સ્થાનિક વિસ્તારના રજિસ્ટ્રાર દ્વારા જારી કરાયેલું)
        ii. હોસ્પિટલમાંથી મૃતક વ્યક્તિની ડીસ્ચાર્જ સમરી/પ્રમાણપત્ર, તેનું નામ, તેના પિતા / પતિનું નામ, સરનામું, મૃત્યુનું કારણ, મૃત્યુની તારીખ અને સમય
        iii. મૃત વ્યક્તિના સંબંધમાં છેલ્લે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર દ્વારા જારી કરાયેલું પ્રમાણપત્ર, જેમાં તેનું નામ, તેના પિતા / પતિનું નામ, સરનામું અને તારીખ, સમય અને મૃત્યુનું કારણ સ્પષ્ટ જણાવેલ હોય. કેન્દ્ર અથવા રાજ્ય સરકારના ગેઝેટેડ અધિકારી અથવા મૃત ખાતાધારકની બેંક અથવા કોઈ જાહેર ક્ષેત્રની બેંક અથવા કોઈપણ જાહેર ક્ષેત્રની વીમાદાતા દ્વારા સર્ટિફાઈડ હોવું જોઈએ
        iv. સંબંધિત જિલ્લાના મેજિસ્ટ્રેટ / કલેક્ટર / ડેપ્યુટી કમિશનર દ્વારા અથવા કોઈપણ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ (અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડિવિઝનલ

મેજિસ્ટ્રેટ, તહેસીલદાર / તાલુકદાર વગેરે) દ્વારા મૃત વ્યક્તિ માટે યોજનામાં ક્લેમ સેટલમેન્ટ માટે નક્કી કરાયેલ ફોરમેટમાં પ્રમાણપત્ર

v. અક્સમાતથી મૃત્યુ થયું હોય તો
    1. ઉપરજણાવેલ કોઈપણ મરણની સાબિતી પ્રમાણપત્ર ઉપરાંત, (અ) એફઆઈઆર અથવા પંચનામા અને (બ)પોસ્ટમોર્ટમ રીપોર્ટ
    2. સંબંધિત જિલ્લાના મેજિસ્ટ્રેટ / કલેક્ટર / ડેપ્યુટી કમિશનર દ્વારા અથવા કોઈપણ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ (અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, તહેસીલદાર / તાલુકદાર વગેરે) દ્વારા મૃત વ્યક્તિ માટે યોજનામાં ક્લેમ સેટલમેન્ટ માટે નક્કી કરાયેલ ફોરમેટમાં પ્રમાણપત્ર
    3. સાપ કરડવાથી /ઝાડ ઉપરથી પડી જવાથી જેવા અકસ્માતમાં મૃત્યુ થાય ત્યારે હોસ્પિટલ રેકોર્ડ જેમાં તેનું નામ, તેના પિતા/પતિનું નામ, સરનામું અને તારીખ, સમય અને મૃત્યુનું કારણ દર્શાવેલ હોય – તે ઉપરોક્ત (અ) અને (બ) ની અવેજીમાં છે.

b. મૃતક વીમા ધારક તથા નોમીનીનો આધાર નંબર અને પાન નંબર- ઇચ્છનીય છે ફરજીયાત નહિ.

c. નોમીની/એપોઇન્ટી/ક્લેમ કરનારના KYC DOCUMENTS – (ઓળખ માટેના પુરાવા તરીકે આધાર કાર્ડ/ઈલેકશન ફોટો આઈડી/MGNREGA કાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/ પાન કાર્ડ/ પાસપોર્ટ)

d. નોમીની/એપોઇન્ટી/ક્લેમ કરનારના પોસ્ટ/બેંક પાસબુકના પ્રથમ બે પાના અથવા નોમીની/એપોઇન્ટી/ક્લેમ કરનારના ખાતાનો કેન્સલ્ડ ચેક અથવા ખાતાની વિગત બતાવતું પોસ્ટ/બેંક સ્ટેટમેન્ટ,

e. વીમા ધારક પહેલા નોમીની મૃત્યુ પામ્યા હોય તેવા કેસમાં નોમીનીના મૃત્યુનું પ્રમાણપત્ર (ઉપર મુજબ)

f. ક્લેમ કરનાર નોમીની/ એપોઇન્ટી સિવાયની વ્યક્તિ હોય તો કાયદેસરના વારસ તરીકેનું પ્રૂફ
g. ક્લેમ ડીસ્ચાર્જ કરવા માટે પૂરી રીતે ભરાયેલ અને સહી કરેલ એડવાન્સ રસીદ

4. બેંક / પોસ્ટ ઓફિસનો અધિકૃત અધિકારી વીમાધારક સભ્યના ખાતાની તપાસ કરશે. ઓટો-ડેબિટ વિગતો, ખાતાની વિગતો, નામાંકન, વીમાદાતાને પ્રીમિયમ રેમિટન્સ વગેરે તપાસ કરશે. વીમાધારક સભ્યની વિગતો બેંકના રેકોર્ડ્સમાંથી ક્લેમ ફોર્મમાં ભરશે. તે ક્લેમ ફોર્મમાં આપેલી માહિતીની ચોકસાઈ અને ચેકલીસ્ટ પ્રમાણે યોગ્ય રીતે પૂર્ણ થયેલ સૂચિને પ્રમાણિત કરશે
5. બેંક / પોસ્ટ ઓફિસ નોમીની/એપોઇન્ટી/ક્લેમ કરનારની ઓળખ નક્કી કરવા તેમના KYC DOCUMENTS ચેક કરશે
6. ક્લેમ રજુ કર્યાના સાત દિવસમાં બેંક ક્લેમ ડોક્યુમેન્ટ વીમા કંપનીના નિશ્ચિત કરેલાં ઈમેલ આઈડી ઉપર ઇલેક્ટ્રોનિકલી મોકલી આપશે.
7. વીમા કંપની પ્રીમીયમ ડેબીટ થયાનું તથા વીમા ધારકતેનું માસ્ટર પોલીસીની યાદીમાં નામ છે તે કન્ફર્મ કરશે
8. વીમા કંપની એ પણ કન્ફર્મ કરશે કે PMJJBY હેઠળ આ ક્લેમ અન્ય વીમા કંપની દ્વારા ચૂકવાયો છે કે કેમ. જો ક્લેમ ચૂકવાયો હશે તો વીમા કંપની તેને રીજેક્ટ કરશે.
9. જે વીમા કંપનીએ બેંકને માસ્ટર પોલીસી ઇસ્યુ કરી છે તે આ ક્લેમ મળ્યા તારીખ થી સાત દિવસમાં પ્રોસેસ કરશે
10. વીમા કંપની મળવાપાત્ર રકમ નોમીની/એપોઇન્ટી/ક્લેમ કરનારના ખાતામાં જમાં કરશે
11. કોઈ નોમીનેશન ન કરેલ હોય અથવા નોમીની વીમા ધારક પહેલા મૃત્યું પામેલા હોય તેવા સંજોગોમાં કાયદેસરના વારસનું કોર્ટ પ્રમાણપત્ર રજુ કર્યેથી મળવાપાત્ર કલેમની રકમ કાયદેસરના વારસદારોને આપવામાં આવશે.
12. વીમા ક્લેમ ચૂકવાયો હોય કે ના હોય પરંતુ વીમા કંપની જન સુરક્ષા પોર્ટલમાં અપલોડ કરવા ઉપરાંત બેંકને ઈમેલથી જાણ કરશે અને નોમીની/એપોઇન્ટી/ક્લેમ કરનારના મોબાઈલ ઉપર ટેક્સ્ટ મેસેજ મોકલશે.

13. પૂર્ણ થયેલ વીમા ક્લેમ ફોર્મ બેંક દ્વારા વીમા કંપનીને મોકલવા ની વધુમાં વધુ સમય મર્યાદા સાત દિવસની છે અને વીમા કંપનીએ ક્લેમ એપ્રુવ કરી રકમ ચુકવવાની વધુમાં વધુ સમય મર્યાદા ત્યારબાદના સાત દિવસની છે.
14. જો બેંકે વીમાધારક સભ્યના ખાતામાંથી ઉધારેલ પ્રીમિયમ રકમ DFSના પરિપત્ર F.NO. H-12011/2/2015-Ins.II Dt. 20.04.2015 માં જણાવેલ સમયમર્યાદામાં વીમા કંપનીને મોકલી ન હોય તો, ક્લેમની જવાબદારી બેંકની રહેશે અને ક્લેમ ફોર્મ બેંકમાં મોકલવામાં આવશે. જો આવા ક્લેમ બેંકમાંથી વીમા કંપનીને પહોંચી ગયા હોય તો વીમા કંપની દાવેદારની જાણકારી હેઠળ સેટલમેન્ટ માટે બેંકને પરત મોકલી આપશે જેથી આ બાબતે પ્રીમીયમ સમય મર્યાદામાં મોકલી આપવું અત્યંત આવશ્યક છે.
15. ઉપરોક્ત પોઈન્ટ # ૪ અને ૫ માં જણાવેલ મરણના પુરાવામાં રાહત વર્તમાન પેન્ડેમિક ને કારણે તા. ૩૦.૧૧.૨૦૨૧ સુધી અથવા આગળ રીવીઝન થાય – બેમાંથી જે વહેલું થાય ત્યાં સુધી આપવામાં આવેલ છે. હાલની તારીખે બાકી રહેલ ક્લેમ પણ આ રાહતને આધારે સેટલ કરી શકાશે